# અમીત શાહે ગાંધીનગરમાં ઉમેદવારી નોંધાવી

**કેન્દ્રીય અને રાજ્યના નેતાઓની હાજરી કલેક્ટર કચેરીમાં : જો કે ઉમેદવારી રજુ કરવા પાંચ જ ગયા : ૧.૫૯ મિનિટે ઉમેદવારીપત્રક રજુ કર્યુ : ફોર્મ અને પ્રતિજ્ઞા ગુજરાતી ભાષામાં લીધી : રાજ્યના નેતાઓ ચાલતા આવ્યા**

ગાંધીનગર, તા. ૩૦

ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહે આજે ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાંથી ચૂંટણી લડવા માટે ૧.૫૯ મિનિટે તેમનુ ઉમેદવારીપત્ર ચૂંટણી અધિકારી એસ.કે. લાંગા સમક્ષ ભર્યુ હતુ.

અમીત શાહે તેમનુ ઉમેદવારીપત્ર બે સેટમાં રજુ કર્યુ હતુ. તેમણે જ્યારે ઉમેદવારીપત્ર ભર્યુ ત્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેન્દ્રના ગૃહમંત્રી રાજનાથસિંહ, કેન્દ્રના નાણાંમંત્રી અરૂણ જેટલી અને શિવસેના સુપ્રીમો ઉધ્ધવ ઠાકરે હાજર રહ્યા હતા.



અમીત શાહે બે સેટમાં રજુ કરેલા તેમના એક ઉમેદવારી પત્રમાં ઘાટલોડિયાના કાર્યકર્તા ભીખાભાઈ દેસાઈભાઈ પટેલે તેમના નામની દરખાસ્ત કરી છે તો બીજા સેટમાં રાજેશભાઈ પ્રહલાદભાઈ ઠાકોરે દરખાસ્ત રજુ કરી છે.

અમીત શાહ આમ તો વિજય મુહૂર્ત ૧૨.૩૯ ફોર્મ ભરવાના હતા પરંતુ સવારથી જ મોડો શરૂ થયેલો રોડ શૉ ને કારણે એક કલાક કરતાં પણ વધુ સમય માટે મોડા પડ્યા હતા.

તેઓ ફોર્મ ભરવા માટે આવે તે પહેલાં કેન્દ્રના નાણાંમંત્રી અરૂણ જેટલી કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. આ પછી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવ્યા હતા. સાંસદ પરિમલ નથવાણી પણ કલેક્ટર કચેરી આવ્યા હતા. શિવસેના સુપ્રીમો ઉધ્ધવ ઠાકરે પણ કલેક્ટર કચેરી આવ્યા હતા.

આ પછી પ્રદેશ પ્રમુખ જિતુ વાઘાણી, ગુજરાતના પ્રભારી ઓમ માથુર અને અન્ય કેટલાક આગેવાનો ચાલતા કલેક્ટર કચેરી આવ્યા હતા. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ ચાલતા આવ્યા હતા.

રાજ્યના કૃષિમંત્રી આર.સી. ફળદુ ગાંધીનગરના કાર્યકર્તાઓ સાથે કલેક્ટર કચેરીથી દૂર કોર્ટ કેમ્પસ નજીક ઉભા રહ્યા હતા.

અમીત શાહ અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ એક કારમાં સાથે આવ્યા હતા. અમીતભાઈ કલેક્ટર કચેરી આવતાં ત્યાં ઉપસ્થિત કાર્યકરોએ ભારત માતા કી જયના સૂત્રઓ પોકાર્યા હતા.

અમીત શાહે ગુજરાતી ભાષામાં તેમનુ ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતુ અને ઉમેદવારે લેવાની થતી પ્રતિજ્ઞા પણ ગુજરાતીમાં લીધી હતી. તેઓ ઉમેદવારી પત્ર ભરવા ગયા ત્યારે પરિવારના સભ્યો તેમજ અન્ય રાષ્ટ્રીય નેતાઓ અને આગેવાનો પ્રતીક્ષાખંડમાં બેઠા હતા.













## ગાંધીનગરમાં બે ઉમેદવારોના ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે આજે બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ બે ઉમેદવારોએ ત્રણ ઉમેદવારીપત્ર ભર્યા છે. ગાંધીનગર બેઠક માટે અત્યાર સુધીમાં ૫૫ જેટલા ઉમેદવારી કરવા ઈચ્છુઓ ફોર્મ લઈ ગયા છે. આજે માત્ર વધુ ૬ ફોર્મ લઈ ગયા છે.

ભાજપના અમીત શાહે બે ફોર્મ રજુ કર્યા છે તો અપક્ષ ઉમેદવાર કેશવલાલ આર. કાછડિયાએ ઉમેદવારી નોંધાવી છે. અપક્ષ ઉમેદવારે બપોરે ૨.૩૭ મિનિટે ઉમેદવારી નોંધાવી છે તો ભાજપના અધ્યક્ષ અમીત શાહે ૧.૫૯ મિનિટે તેમની ઉમેદવારી નોંધાવી છે.

દરમ્યાન મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની અખબારી યાદીમાં જણાવાયા મુજબ ૨૬ બેઠકો માટે આજે ૭ ઉમેદવારી પત્રો ભરાયા છે. બારડોલી બેઠક પર પણ બે ઉમેદવારી પત્રો ભરાયા છે. લોકસભા માટે રાજ્યમાં ૨૬ બેઠકો માટે આજ સુધીમાં ૧૪ ઉમેદવારીપત્રો ભરાયા છે.

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કરોડપતિ છે, ચાર ફોજદારી કેસ

ગાંધીનગર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કરોડપતિ નેતા છે. લોકસભાની ચૂંટણીના ઉમેદવારી પત્ર સાથે તેમણે મિકલત અંગેનું એફિડેવીટ કર્યું છે જેમાં તેમની પાસે ૧૪.૯૭ કરોડની વારસાગત જંગમ મિલકત છે. અમિત શાહની પોતાની મિલકતનો આંકડો ૩.૨૬ કરોડ રૂપિયા છે.

અમિત શાહે રજૂ કરેલી એફિડેવીટમાં જણાવ્યા પ્રમાણે તેમની ઉંમર ૫૪ વર્ષ છે. તેઓ અમદાવાદની સુદીપ સોસાયટીમાં રહે છે. ઈન્કમટેક્સ રિટર્નમાં અમિત શાહે ૨૦૧૭-૧૮માં ૨.૩૦ કરોડ રૂપિયાની આવક દર્શાવી છે જે આવક ૨૦૧૩-૧૪માં ૪૧.૯૩ લાખ દર્શાવી હતી. તેમણે દર્શાવેલી મિલકતમાં ૩૫.૨૯ લાખ રૂપિયાના દાગીના છે જ્યારે પત્નીના દાગીનાનું મૂલ્ય ૬૩.૩૪ લાખ રૂપિયા થાય છે.

અમિત શાહ સામે ચાર ફોજદારી કેસો પડતર છે. ૨૦૧૫ના એક કેસમાં અમિત શાહે લાલુ યાદવને ચારા ચોર કહ્યા હતા. તે સમયે બૂટ-ચંપલ પહેરીને અમિત શાહે ધ્વજવંદન કર્યું હતું તેનો કેસ પડતર છે. જો કે અમિત શાહે કહ્યું હતું કે મને કોઈ ફોજદારી કેસ માટે ગુનેગાર ઠરાવવામાં આવ્યો નથી. જો કે અમિત શાહની એફિડેવીટમાં સોહરાબુદ્દીન કેસનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

અમિત શાહ પાસે હાથ પરની રોકડ રકમ ૨૦૬૬૩ રૂપિયા તેમજ તેમના પત્ની સોનલબેન પાસે ૭૨૫૭૮ રૂપિયા છે. અમદાવાદ ડિસ્ટ્રીક કોઓપરેટીવ બેન્કમાં સોનલબેનના ૪૮૯૩૮ રૂપિયા છે જ્યારે અમિત શાહના ૬૭૯૮૭ રૂપિયા છે. બેન્ક ઓફ ઈન્ડિયામાં તેમના ૭.૫૯ લાખ રૂપિયા છે જ્યારે પત્નીના બેન્ક ઓફ બરોડામાં ૫.૩૮ લાખ રૂપિયા છે. કોટક મહિન્દ્રા બેન્કમાં ભાજપના અધ્યક્ષના ૪.૮૪ લાખ રૂપિયા અને પત્ની સોનલબેનના ૫.૦૫ લાખ રૂપિયા છે.

● અનુસંધાન પાન-૩ પર

## અડવાણીની વિરાસતને આગળ વધારીશ : અમિત શાહ

ગાંધીનગર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઉમેદવારી પત્ર ભરવા જતાં પહેલાં અમદાવાદમાં કહ્યું હતું કે અમારી પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની વિરાસતને હું આગળ વધારીશ. ભાજપ વિના હું શૂન્ય છું. જીવન પર્યન્ત ભાજપ અને દેશની સેવા કરવાની છે.

અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેચ્યુથી ચાર કિલોમીટર લાંબો રોડ શો કરીને અમિત શાહે સભાને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે મને ૧૯૮૨ના દિવસો યાદ આવે છે જ્યારે મેં



બુથના અધ્યક્ષ તરીકે પાર્ટીમાં કામ કર્યું હતું. પોસ્ટરો ચોંટાડતાં હું આ સ્ટેજે પહોંચ્યો છું. મારા જીવનમાંથી ભાજપને કાઢી નાંખો તો હું કંઈ નથી.

તેમણે કહ્યું હતું કે, હું જનતાની વચ્ચે રહેનારો માણસ છું. આ ચૂંટણી એક જ મુદ્દા પર લડશે કે આ દેશનું નેતૃત્વ કોણ કરશે? આજે દેશમાં એક જ નામ મોદી ચર્ચાય છે. ૭૦ વર્ષોથી દેશની જનતા જે નેતૃત્વની રાહ જોઈ રહી હતી તે નરેન્દ્ર મોદીએ આપ્યું છે. ગુજરાતમાં ભાજપ ૨૬ બેઠકો જીતશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

### શુભેચ્છા આપવા આવ્યો છું---ઉદ્ધવ ઠાકરે

ઉદ્ધવ ઠાકરે એ કહ્યું કે, ઘણાને આશ્ચર્ય થયું કે હું અહી કેવી રીતે પહોંચ્યો. કેટલાકને આનંદ થયો. કેટલાકના પેટમાં દર્દ થયું. જેમના પેટમાં દર્દ થયું તેનો ઈલાજ અમિતભાઈ પાસે છે. હું અમિતભાઈને શુભેચ્છા આપવા માંગુ છે. અમારી વચ્ચે જે વિવાદ છે તે અમે પૂરા કર્યા છે. શિવસેના હોય કે ભાજપ, અમારી વિચારધારા એક છે. મારા પિતા કહેતા કે હિન્દુત્વ અમારો શ્વાસ છે, તેના વગર અમે જીવી શકીએ નહીં. ઠાકરે એ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે હું વિપક્ષને પૂછું છું કે તમારામાંથી વડાપ્રધાન કોણ બનશે. અમે ખુરશીના લાલચી નથી. હું વિપક્ષને આહવાન આપુ છું કે, તમારી રેલી કરો, અને એક થઈને નારા લગાવો.. અમે ક્યારેય પાછળથી છૂરો ભોંક્યો નથી.

### ચોકીદાર ચોર નહીં, શ્યોર છે-- રાજનાથસિંહ

ગૃહમંત્રી રાજનાથ સિંહે સંબોધનમાં કહ્યું કે, ભારતનું નેતૃત્વ હાલ સશક્ત હાથમાં છે. મજબૂત હાથમાં છે. વિપક્ષ વડાપ્રધાન માટે અભદ્ર શબ્દનો પ્રયોગ કરે છે. તેમણે અમિત શાહને અડવાણીના ઉતરાધિકારી ગણાવતા કહ્યું હતું કે, આજના અવસર પર હું શુભકામના આપવા માટે આવ્યો છું. ભાજપની કામગીરી ભવિષ્યમાં કેવી હશે અને દેશનું અર્થતંત્ર કેવું હશે તેના પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે, એ દિવસ દૂર નથી કે ૨૦૨૮ આવતા આવતા રશિયા-ચાઈના જેવા દેશને પાછળ છોડી ભારત ટોપ કન્ટ્રીમાં આવી જશે જેનો શ્રેય પણ નરેન્દ્ર મોદીને જ જાય છે.

### અમિતભાઇને રેકોર્ડબ્રેક વિજય અપાવો-- ગડકરી

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, મને પૂરતો વિશ્વાસ છે કે કેન્દ્રમાં અમારી સરકાર આવશે. હું ગાંધીનગરની જનતાને અપીલ કરું છું કે, રેકોર્ડબ્રેક માર્જિનથી અમિતભાઈને વિજયી બનાવો. આવનારી ચૂંટણી દેશના ઈતિહાસની સૌથી મહત્વપૂર્ણ ચૂંટણી છે. જે ૫૦ વર્ષમાં ન થયું તે ૫ વર્ષમાં ભાજપની સરકારે કરી બતાવ્યું છે. દેશ પ્રગતિ અને વિકાસની દીશામાં વધી રહ્યો છે.

### પાંચ વર્ષમાં ખેડૂતોને ખૂબ આપ્યું છે-- પાસવાન

રામવિલાસ પાસવાને કહ્યું કે, મોદીજીને વડાપ્રધાન બનાવવા માટે અમિત શાહને જંગી વોટથી જીતાડો. દેશ હવે સ્પેસમાં પણ દુશ્મનોને પરાસ્ત કરી રહ્યું છે. તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે, ૫૦ વર્ષમાં કોંગ્રેસને ખેડૂતો યાદ આવ્યા નથી. પાંચ વર્ષમાં ખેડૂતોને એનડીએ સરકારે ખૂબ આપ્યું છે.

### મોદી પછી અમિત શાહને ક્રેડીટ છે-- બાદલ

ભારતની ચૂંટણીઓમાં મળેલા વિજયની ક્રેડીટ આપતાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી પછી અમિત શાહ એવા નેતા છે કે જેમને ચૂંટણીના વિજયની ક્રેડીટ આપવી પડે. તેઓ ગ્રાસરૂટ લિડર છે. એનડીએ સરકારે પાંચ વર્ષમાં દેશની સેવા કરી છે. દેશનું નામ વિદેશમાં મશહૂર કર્યું છે. ભારતને આગળ વધારવામાં મોદીનો બહુ મોટો ફાળો છે.

## અમીત શાહની ઉમેદવારી એકતાનો સંદેશ લાવી

**૯૧-૯૬ અને ૧૯ના નેતાઓની ઉમેદવારી નોંધાવવાની ઘટનાઓ ભિન્ન-ભિન્ન રહી**




(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે ઉમેદવારી નોંધાવવાની સાથે સાથે એન.ડી.એ.ની એકતાનો પણ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે.

એન.ડી.એ.ના સાથી પક્ષોના નેતાઓ રામવિલાસ પાસવાન, પ્રકાશસિંઘ બાદલ અને ઉધ્ધવ ઠાકરે તેમની ઉમેદવારીના સાક્ષી બન્યા છે. અમદાવાદમાં રોડ શૉ દરમ્યાન નેતાઓની મોટી સંખ્યામાં હાજરીને લઈ આજે ગુજરાતમાં એક રીતે કાર્યકર્તાઓ ચાર્જ થઈ જવા પામ્યો છે.

ગાંધીનગર બેઠક જ્ઞાતિના સમીકરણો કરતાં રાષ્ટ્રીય નેતા માટે બેઠક હોય તેવી પ્રસ્થાપિત થઈ ગઈ છે. આમ તો ભાજપનો ગઢ આ બેઠક ગણાય છે. જૈફ વયના કારણે અડવાણીનું પત્તુ આ વેળાએ જંગ માટે કપાઈ જવા પામ્યુ છે. જોકે આજે ફોર્મ ભરવાની પ્રક્રિયા વેળાએ કાર્યકરોને જોયા ત્યારે ૧૯૯૧માં ઘ-૫ અડવાણી પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે આવ્યા ત્યારનું દૃશ્ય યાદ આવી ગયુ.

● અનુસંધાન પાન-૩ પર





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com